નવી અને અવિભાજય શરતની તથા ગણોતધારાની પ્રતિબંધિત સત્તા પ્રકાર હેઠળની નવી શરતની જમીનને ખેતી અથવા બિનખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા પધ્ધતિમાં સરળીકરણ લાવવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક : નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ(પાર્ટ–૨)
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ ૨૯/૧૨/૨૦૧૫

**વંચાણમાં લીધા :–**

(૧) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૪/૭/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક : નશજ/ ૧૦૨૦૦૬/૫૭૧/જ(પાર્ટ–૨)
(૨) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૩/૫/૨૦૧૧ અને તા.૧૯/૩/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક : નશજ/૧૦૨૦૦૬/ ૫૭૧/જ(પાર્ટ–૨)
(૩) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨/૬/૨૦૧૨ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**પ્ર સ્તા વ ના :**

ગણોતધારા સહિતની નવી અને અવિભાજય શરતની જમીનોને ખેતી તેમજ બિનખેતી હેતુ માટે જુની શરતમાં ફેરવતી વખતે પ્રિમીયમ લેવાના હેતુ માટે ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) ના ઠરાવની જોગવાઈ મુજબ જંત્રી મુજબના મુલ્યાંકન પ્રમાણે રૂ.૨/– કરોડથી વધારે મુલ્યાંકન અંગેના પ્રકરણો સરકારશ્રીની પૂર્વમંજુરી અર્થે મોકલી આપવાના રહેતા હતા. પ્રિમિયમ અંગેના કેસોનો સમયમર્યાદામાં નિકાલ થાય તે માટે કલેકટરોને મુલ્યાંકનની પ્રવર્તમાન રૂ.૨/–(બે) કરોડની સત્તામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

સરકારશ્રી કાળજીપૂર્વકની વિચારણાને અંતે આમુખ (૩) ઉપરના તા.૨/૬/૨૦૧૨ ના ઠરાવ અંગે નીચે મુજબનો ફેરફાર કરવાનું ઠરાવે છે.

(૧) જંત્રી મુજબ થતા મુલ્યાંકન પ્રમાણે રૂ.૫/–(પાંચ) કરોડ સુધીના મુલ્યાંકન અંગેની સત્તા જિલ્લા કલેકટરશ્રીને રહેશે.
(૨) રૂ.૫/–(પાંચ) કરોડથી વધારે મુલ્યાંકન થતું હોય તેવા પ્રકરણો સરકારશ્રીને પૂર્વમંજુરી અર્થે મોકલી આપવાના રહેશે.

(૩) અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

(૪) ઉકત જોગવાઈ આ ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

૨ આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૭/૧૧/૨૦૧૮ની નોંધથી ળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજય ભટ્ટ)
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ –૧, સચિવાલય, ગાંધીનગર,
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ –૧, સચિવાલય, ગાંધીનગર,
- માન.મંત્રીશ્રીઓ (રાજયકક્ષા સહિત)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર,
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર,
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી(જ.સુ.)ના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ(વિવાદ), સરદાર વલ્લભભાઈ પટેલ મહેસૂલી અપીલ અને રીવીઝન ભવન, ફાઈનલ પ્લોટ નં.૧૩, સોલા પોલીસ સ્ટેશન પાછળ, સોલા–ધાટલોડીયા રોડ, ગોતા, અમદાવાદ,
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત મહેસૂલ પંચ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ,
- મહેસૂલ તપાસણી કમિશનરશ્રી અને સચિવશ્રી, મહેસૂલ વિભાગ, બ્લોક નં.૧૧, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર,
- વિકાસ કમિશનરશ્રી, ર્ડા.જીવરાજ મહેતા ભવન, સેકટર–૧૦, ગાંધીનગર,
- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ ( આપના કાર્યક્ષેત્ર હેઠળના નાયબ કલેકટરશ્રી(જ.સુ.), પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ)
- જમીન સુધારા કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૧૧, સચિવાલય, ગાંધીનગર,
- મહેસૂલ વિભાગની અ, અ.૧, લ, ગ, લ.૧ અને હ.૧ શાખાઓ,
- મહેસૂલ વિભાગ, 'ઝ' શાખા...જરૂરી કાર્યવાહી સારૂ.
- સિલેકટ ફાઈલ.